નં.જી.આઈ.ડી.સી/ઓએન્ડએમ/સીઆઈઆર/વસુલાત/૨૦૨૦/૦૩૧
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
વડી કચેરી,ઉધોગભવન ગાંધીનગર,
તા: ૦૮/ ૧૦ /૨૦૨૦.

: : પરિપત્ર : :

વિષય:- કબજો પરત આપવા (રીસ્ટોર બેક) ની નીતિમાં ફેરફાર કરવા બાબત.
સંદર્ભ:- નિગમના પરિપત્ર ક્રમાંક:જીઆઈડીસી/કા.નિ.(વસુલાત)/૦૫ તા.૨૮/૦૧/૨૦૧૬.

જુદા-જુદા એસોસીએશન દ્વારા કરવામાં આવેલ રજૂઆતો અને તે આધારે થયેલ વિષદ ચર્ચાના આધારે ધ્યાનમાં આવેલ હતું કે, એવી મિલ્કતો કે જે નિગમ દ્વારા જી.પી.પી એક્ટ-૧૯૭૨ હેઠળ વણવપરાશી / વસુલાત રાહે પરત મેળવવામાં આવેલ હોય તેવી મિલ્કતોના મૂળ ફાળવણીદારો તેમજ તેમના વારસદારો દ્વારા પરત મેળવવા માટે રજુઆત/અરજી કરવામાં આવે તો તે મિલ્કતની ઉપલબ્ધિના આધારે અર્થાત તે મિલ્કત આજની તારીખે ફાળવણી માટે ઉપલબ્ધ હોય તો તેવી મિલ્કત પરત કરવા અંગે ઉધોગકારને લાભ મળી રહે તે હેતુથી ચોક્કસ નીતિ અમલમાં લાવવા નિગમના નિયામક મંડળ સમક્ષ મુકી યોગ્ય ઠરાવ કરવું આવશ્યક હતું.

કબજો પરત આપવા (રીસ્ટોર બેક) ની નીતિમાં ફેરફાર કરવા બાબતે તા.૨૨/૦૯/૨૦૨૦ ના રોજ મળેલ નિગમની ૫૦૮ ની સભામાં કાર્યસૂચિ ક્રમાંક:૬/વસુલાત/૫૦૮ થી રજુ કરવામાં આવેલ જે કાર્યસૂચિ અનુસંધાને ઠરાવ ક્રમાંક:૫૦/વસુલાત/૫૦૮ તા.૨૨/૦૯/૨૦૨૦ થી કબજો પરત આપવા (રીસ્ટોરેશન) ની નીતિ અન્વયે નીચે મુજબની સ્કીમ જાહેર કરવામાં આવે છે.

<u>અરજી કરવાની પાત્રતા :</u>

(૧) જે ફાળવણીદારોની મિલ્કત વસુલાત/વણવપરાશી રાહે નિગમે પરત સંભાળી લીધેલ હોય તેવી મિલ્કતો જેવી કે ઔદ્યોગિક પ્લોટ/શેડ, વાણિજ્ય પ્લોટ/ રહેણાંક પ્લોટ/હાઉસીંગ ક્વાર્ટસ/મકાન વગેરે મિલ્કતો નિગમ પાસે ફાળવણી માટે આજની તારીખે ઉપલબ્ધ હોય તો તેઓ આ નીતિ અંતર્ગત અરજી કરી શકશે.

(૨) નિગમે મિલ્કત હસ્તક કર્યા તારીખથી ૨ વર્ષ સુધી મિલ્કત પરત મેળવવા માટે અરજી કરી શકશે. ૨ વર્ષથી ઉપરનો સમય થઈ ગયો હોય તેવા કિસ્સામાં મિલ્કતનો કબજો પરત આપવાની ફાળવણીદારની દરખાસ્ત સ્વીકારવાની રહેશે નહીં.

(૩) જે કિસ્સામાં મૂળ ફાળવણીદાર દ્વારા પોતાની મિલ્કતો નિગમમાં સ્વેચ્છાએ સરન્ડર કરેલ હોય અને રીફંડ મેળવી લીધેલ હોય તેવા કિસ્સાઓમાં ફાળવણીદાર આવી કોઈ મિલ્ક્ત પરત મેળવવા હક્કદાર રહેશે નહીં અને આવી કોઈ અરજી સ્વીકારવાપાત્ર રહેશે નહીં.

(૪) આ નીતિ અંતર્ગત અરજી કરતાં પહેલાં ફાળવણીદારે જે કોઈ સ્તરે જે પણ કોર્ટ કેસ/વિવાદ/ફરિયાદ કરેલ હોય તે બિનશરતી પરત ખેંચી લેવાની રહેશે.પરત ખેંચ્યા અંગેનું રૂ.૩૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર બાંહેધરીખત આપવાનું રહેશે.

(૫) જે કિસ્સાઓમાં મૂળ ફાળવણીદારનું અવસાન થઈ ગયેલ હોય અને તેઓના કાયદેસરના (સીધી લીટીના) વારસદારો આ નીતિ અંતર્ગત નિગમે મૂળ ફાળવણીદારની કબજે લીધેલ મિલ્કતનો કબજો પરત મેળવવા માંગતા હોય તેવા કિસ્સાઓમાં મૂળ ફાળવણીદારના કાયદેસરના વારસદારો અરજી કરી શકશે અને તેઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ દસ્તાવેજોની ચકાસણી કરી મિલ્કતનો કબજો પરત સોંપવા બાબતે નિર્ણય કરવામાં આવશે.

(૬) સદર મિલ્કતના સ્થળ સ્થિતિનો અધ્યતન ફોટોગ્રાફ્સ સાથે વિગતવાર અહેવાલ ઈજનેરી શાખામાંથી મેળવી દરખાસ્ત કરવાની રહેશે તેમજ આવા કિસ્સામાં મંજુરી મળે તો તે કિસ્સામાં મૂળ ફાળવણીદાર દ્વારા નિગમમાં નકશા મંજુર કરાવવાના રહેશે.

<u>વસુલાતપાત્ર રકમ</u>

(૧) આ નીતિ અંતર્ગત કોઈપણ મિલ્કતનો કબજો પરત સોંપતા પહેલા નીચે દર્શાવેલ બે રકમોમાંથી જે રકમ વધુ હોય તે બાકી રકમ તરીકે વસુલવાની રહેશે.
નિગમની તમામ બાકી લ્હેણી રકમ જેવી કે હપ્તા/આઈ.ડી.પી./પી.આઈ. તથા રેવન્યૂ ચાર્જીસ તથા તેના ઉપરનુ વ્યાજ, લાગુ પડતી વણવપરાશી દંડકીય રકમ તથા અન્ય તમામ બાકી લ્હેંણા <u>અથવા</u> જે તે વસાહતનો જે તે મિલ્કતના પ્રવર્તમાન ફાળવણીદર પ્રમાણે થતી મિલ્કતની કુલ કિંમત.

(૨) આ નીતિ અર્તગત ફાળવણીદારે જે તે વસાહતના પ્રવર્તમાન ફાળવણીદર પ્રમાણે થતી રકમના ૧૦ ટકા વધારાની રકમ ભરપાઈ કરવાની રહેશે.

(3) ફાળવણીદાર દ્વારા મિલ્કત પુન:પરત મેળવવા અર્થે નિગમમાં અરજી કરવામાં આવે તે સમયે ફાળવણીદાર પાસેથી સ્ક્રૂટીની ફી (Scrutiny Fee) વસુલવાની રહેશે.

<u>અન્ય શરતો:-</u>

(૧) આ નીતિ અંતર્ગત ફાળવણીદારની જે મિલ્કતનો કબજો નિગમ દ્વારા વણવપરાશી /વસુલાત રાહે પરત મેળવેલ હોય તે જ મિલ્કતનો કબજો ફાળવણીદારને પરત સોંપવાનો રહેશે.જો ફાળવણીદારની મિલ્કત નિગમ પાસે ફાળવણી માટે ઉપલબ્ધ ન હોય તો આવી અરજી ઉપર કોઈપણ જાતની કાર્યવાહી કરવાની રહેશે નહી.

(૨) કબજો પરત સોંપવાના હુકમમાં હાલની નીતિ પ્રમાણે સમાવેશ કરવામાં આવતી તમામ શરતોનો ઉલ્લેખ બિનચૂક કરાવવાનો રહેશે.

(3) નિગમ દ્વારા સમયાંતરે બહાર પાડવામાં આવતી વન ટાઈમ સેટલમેંન્ટ (ઓ.ટી.એસ.) વ્યાજ માફીની યોજનાનો રીસ્ટોરબેંકના મંજુર થયેલ કીસ્સાઓમાં કોઈપણ પ્રકારનો લાભ આપવાનો રહેશે નહી.

(૪) નિગમ દ્વારા મિલ્કત હરાજીમાં મૂકેલ હોય,તો તેવી મિલ્કતોને પરત આપી શકાશે નહી.કોઈપણ દરખાસ્ત વડી કચેરીએ મોકલતા સમયે પ્લોટ અંગેની હરાજી બાબતની કોઈપણ પ્રકારની પ્રક્રિયા પડતર નથી તેનું પ્રમાણપત્ર પ્રાદેશિક મેનેજરશ્રી દ્વારા અચૂક બિડાણ કરવાનું રહેશે.

(૫) ક્ષેત્રીય કચેરી દ્વારા મંજુર થયેલ તેમજ નામંજુર થયેલ કિસ્સાઓનું રીસ્ટોરેશનનું અલગથી પત્રક/રજીસ્ટર અવશ્ય નિભાવવાનું રહેશે.

(૬) અરજદારશ્રી દ્વારા અરજી કરવામાં આવે ત્યારે પ્લોટના વપરાશ કરવા અંગેનો સમયબધ્ધ કાર્યક્રમ તેમજ પ્રોજેક્ટ રીપોર્ટ આપવાનો રહેશે.

(૭) આ પરિપત્ર હેઠળ મંજૂર થયેલ કિસ્સાઓમાં પ્લોટનો વપરાશ ૨(બે) વર્ષની સમય મર્યાદામાં વપરાશ શરૂ કરવાનો રહેશે તેમજ આ ૨ (બે) વર્ષના સમયગાળાનો કોઈપણ વણવપરાશી દંડ વસૂલ લેવાનો રહેશે નહીં.સદર મંજુર થયેલ કિસ્સાઓમાં સદર મિલ્કત ૦૫ (પાંચ) વર્ષ સુધી અન્ય કોઈ વ્યક્તિના નામે તબદીલ થઈ શકશે નહી.ફાળવણીદારના મૃત્યુના કિસ્સામાં માત્ર વારસદારોની તરફેણમાં ઔપચારીક પ્રકારની તબદિલીની મંજુરી આપી શકાશે.

(૮) જે કિસ્સાઓ હાલ નિર્ણય અર્થે પડતર છે તેમજ અરજદાર ધ્વારા પરીપત્ર જારી થયા તારીખ પહેલા અરજી કરવામાં આવેલ હોય અને કાર્યવાહી હેઠળ હોય તેવા તમામ કિસ્સાઓમાં નિગમની તા.૨૮.૦૧.૨૦૧૬ ની નીતિ મુજબ કાર્યવાહી કરવાની રહેશે. આ પ્રકારની અરજીઓ નિગમની નીતિ સાથે સુસંગત હોય તો પરીપત્ર જારી થયાના દિન -30 માં વડી કચેરીને નિર્ણય અર્થે મોકલવાની રહેશે. અને સલગ્ન ક્ષેત્રિય કચેરીએ આવી કોઇ અરજીઓ પડતર નથી તે અંગેનુ પ્રમાણપત્ર વસુલાત શાખા, વડી કચેરીએ મોકલી આપવાનો રહેશે.

(૯) સદર પરીપત્ર જારી થયા તારીખથી મળતી તમામ અરજીઓ અન્વયે નવી નીતિ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

ઉપરોક્ત પરિપત્રનો અમલ કરવાની અને તે અન્વયે નિર્ણય લેવાની સઘળી સત્તા માન.ઉપા.અને.વ.સં.શ્રી ને હસ્તક રહેશે.

સહી/-

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક,

જીઆઈડીસી, ગાંધીનગર.

પ્રતિ,

૧.નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.......

૨.પ્રમુખશ્રી,ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન ગાંધીનગર...............તરફ જાણ સારૂ.

૩.નિગમના તમામ ઔધોગિક વસાહતોના માન્ય ઔધોગિક મંડળોના પ્રમુખશ્રીઓ..........તરફ જાણ સારૂ.

૪.મેનેજરશ્રી (એસએન્ડએ) જીઆઈડીસી, ગાંધીનગર....તરફ પરીપત્ર વેબસાઈટ પર મુકવા સારૂ.

રવાના કર્યુ

મેનેજર (મહેકમ)

જીઆઈડીસી,ગાંધીનગર